


ખંડ-૩
અંક-૮
ઓગસ્ટ ૨૦૧૭



## કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

### કૃષિ ધિરાણ પર ૫% વ્યાજ સબસિડી

વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન ટૂંકાગાળાના કૃષિ ધિરાણ માટે ખેડૂતોને ૫ ટકા વ્યાજની સબસીડી આપવાનું કેન્દ્રીય કેબિનેટે નક્કી કર્યું છે. ટૂંકી મુદતની રૂ.૩ લાખ સુધીની કૃષિ ધિરાણ પર પ્રવર્તમાન ૯ ટકાની સામે ૪ ટકા વ્યાજદરે ધિરાણ ખેડૂતોને ઉપલબ્ધ કરાશે. ચાલુ નાણાંકીય વર્ષ માટેની વ્યાજ સહાય યોજના મુજબ, કેન્દ્ર સરકાર એક વર્ષ સુધીના ધિરાણ માટે તમામ ધિરાણ ખેડૂતોને દર વર્ષે ૫ ટકા વ્યાજની સહાય પૂરી પાડશે અને તેમાં ધિરાણની મર્યાદા ૩ લાખ સુધી રહેશે. જે ખેડૂતો ધિરાણ સમયસર ચૂકવતા નથી, તેમને ૫ ટકાના બદલે માત્ર ૨ ટકા જ વ્યાજ સહાય મળશે. આ વર્ષથી બધા જ ટૂંકા ગાળાના ખેત ધિરાણ મેળવતા ખેડૂતોના ખાતાને આધારકાર્ડ સાથે જોડવામાં આવશે. આ ઉપરાંત, ખેડૂતોને ઉત્પાદન સંગ્રહ માટે વ્યાજ દરમાં પણ સહાય મળી શકશે. કેન્દ્ર સરકારે ૨ ટકા વ્યાજની સહાય મંજૂર કરી છે પણ ૭ ટકા અસરકારક વ્યાજ દરે છ મહિના સુધીની ધિરાણ પૂરી પાડવામાં આવશે. કુદરતી આપત્તિથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહત આપવા માટે પુનઃ ધિરાણમાં કરેલી રકમ પર પ્રથમ વર્ષ માટે ૨ ટકા વ્યાજ પર સબસીડી આપવાનો નિર્ણય સરકારે કર્યો છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં ટૂંકા ગાળાના કૃષિ ધિરાણ પર વ્યાજ સબસીડી તરીકે રૂ.૨૦,૩૩૯ કરોડના કુલ ખર્ચને કેબિનેટે મંજૂરી આપી દીધી છે.





અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત


E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## ટેકાના ભાવે કઠોળ ખરીદવા માટે સરકારે નાફેડને રૂ.૭૦૦ કરોડ આપ્યા



કેન્દ્ર સરકારે શિયાળુ કઠોળ અને અન્ય કૃષિ પેદાશોની ખરીદી કરવા માટે નાફેડને રૂ.૭૦૦ કરોડની ફાળવણી કરી છે, વર્ષ ૨૦૧૬-૧૭ના શિયાળુ પાકને ટેકાના ભાવે ખરીદી કરી ઉત્પાદકોને બજાર ભાવ સામે રક્ષણ પુરું પાડશે. કૃષિ મંત્રાલય દ્વારા સંચાલિત ભાવ સહાય યોજના (પીએસએસ) હેઠળ આ ભંડોળનો ઉપયોગ ખેડૂતો પાસેથી કઠોળ, રાયડો, મગફળી અને અન્ય પેદાશોની ખરીદી માટે ૨૦૧૬-૧૭ કૃષિ વર્ષમાં કરવામાં આવેલ તમામ નાણાંકીય ચૂકવણી કરવા માટે ઉપયોગમાં લેવાશે. પીએસએસનો હેતુ ભાવ ઘટાડાના સમયે ખેડૂતોને તેમના ઉત્પાદન ટેકાના ભાવે ખરીદી કરીને તેમને સુરક્ષિત કરવાનો છે.

## કઠોળ, કપાસ, તેલીબિંયાના ભાવમાં વધારો




જુદા જુદા રાજ્યોમાં અનેક કારણોસર ખેડૂતોમાં અસંતોષની સ્થિતિ ઉભી થવાના કારણે કેન્દ્ર સરકારે ૨૦૧૭-૧૮ કૃષિ વર્ષ માટે કઠોળ, તેલીબિંયા અને કપાસના લઘુત્તમ ટેકાના ભાવોમાં (એમએસપી) વધારો કર્યો છે અને સંકર બિયારણના ભાવમાં ૧૦ ટકાનો ઘટાડો કરવા માટે બીજ સંગઠનોને મનાવ્યાં છે. સરકારે તમામ રાજ્યોને ખેત પેદાશોની ટેકાના ભાવથી ખરીદી કરવા જણાવ્યું છે. જેથી ખેડૂતોને તેનાથી નીચા ભાવે વેચવાની ફરજ ન પડે. જ્યારે ખેત ઉત્પાદનમાં વધારાને કારણે ભાવો ઘટે છે ત્યારે આ પગલું ખેડૂતોને કિંમત આપવામાં લાભદાયી નીવડે છે. કઠોળના ટેકાના ભાવમાં સૌથી મહત્તમ વધારો કરવામાં આવ્યો છે. અન્ય પેદાશોની તુલનામાં કઠોળનું ઉત્પાદન ૨૦૧૫-૧૬માં ૧૬.૩૫ મિલિયન ટન હતું જે પૂરતો વરસાદ, ઉંચા ટેકાના ભાવ અને સારી પૂરક વ્યવસ્થાને કારણે ૨૦૧૬-૧૭ના વર્ષમાં જૂન સુધીમાં ૨૨.૪૦ મિલિયન ટન વિક્રમજનક ઉત્પાદન આવવાનો અંદાજ મેળવ્યો છે. તુવેરના ટેકાના ભાવ ૨૦૧૬-૧૭માં રૂ.૫૦૫૦/ક્વિન્ટલ (બોનસ સહિત) હતા તેમાં રૂ.૪૦૦ પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ.૫૪૫૦/ક્વિન્ટલ (રૂ.૨૦૦ બોનસ સહિત) વર્ષ ૨૦૧૭-૧૮ માટે કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૨૦૧૬-૧૭માં અડદના ટેકાના ભાવ રૂ.૫૦૦૦/ક્વિન્ટલથી (બોનસ સહિત) વધારીને તે આ વર્ષ માટે રૂ. ૫૪૦૦/ ક્વિન્ટલ (બોનસ સહિત) કર્યા છે. મગના કિસ્સામાં, આ વર્ષે રૂ. ૫૫૭૫/ક્વિન્ટલ (બોનસ સહિત) કર્યા છે. સરકારે તેલીબિંયા પૈકી મગફળી (રૂ.૪૪૫૦/ ક્વિન્ટલ), સોયાબીન (રૂ.૩૦૫૦/ક્વિન્ટલ), સૂરજમુખી (રૂ.૪૧૦૦/ક્વિન્ટલ), તલ (રૂ.૫૩૦૦/ક્વિન્ટલ) અને કુસુમના (રૂ.૪૦૫૦/ક્વિન્ટલ) ટેકાના ભાવમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

## ઘઉં, ખાંડ, ખાદ્યતેલ પર જકાતમાં વધારો કરવાની કોઈ યોજના નથી



ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી શ્રી સી.આર.ચૌધરીએ જણાવ્યું હતું કે સરકારની ઘઉં, ખાંડ અને ખાદ્યતેલ પર જકાત વધારવાની હાલ કોઇ યોજના નથી. આ પેદાશોના ભાવોમાં ઘટાડાથી એવી અટકળો કરવામાં આવી હતી કે તેમની જકાતમાં વધારો કરવામાં આવશે. સરકારે ઘઉંના ભાવમાં ઘટાડો જોતાં માર્ચમાં તેના પર ૧૦ ટકા જકાત લાગુ કરી હતી. નોંધનીય બાબત જોઇએ તો રાજસ્થાનમાં ચાવીરૂપ કોટાના બજારમાં ઘઉંની કિંમત હાલમાં રૂ.૧૫૦૦-૧૫૩૦/ક્વિન્ટલ છે કે જે ટેકાના ભાવ રૂ.૧૬૨૫ થી પણ ઓછી છે. આ વર્ષે જંગી ખેત ઉત્પાદનના લીધે મોટાભાગની પેદાશોના ભાવ નીચા જોવા મળ્યા છે. વર્ષ ૨૦૧૬-૧૭ (જુલાઇ-જૂન) માટે ઘઉંના ઉત્પાદનનો અંદાજ ૯૭.૪૪ મિલિયન રહ્યો, જે અગાઉના વર્ષે ૯૨.૨૯ મિલિયન ટન હતું. કાચા અને સફેદ ખાંડની આયાત પર સરકાર ૪૦ ટકા જકાત પણ લે છે. આ મહિનાની શરૂઆતમાં, ખાંડ મિલોએ આ જકાત વધારીને ૬૦ ટકા કરવાની વિનંતી સરકારને કરી હતી,

કારણ કે કાચી ખાંડના વૈશ્વિક ભાવમાં આયાત આકર્ષક બની હતી. ખાદ્યતેલ ઉદ્યોગે કાચા અને શુદ્ધ તેલની આયાત જકાતમાં અનુક્રમે ૨૦ થી ૩૫ અને ૧૨.૫ થી ૨૦ ટકાની વૃદ્ધિની માંગણી કરી છે.

## જંતુનાશક (ભારત) લિ. નો એગ્રી જૈવિક ક્ષેત્રે પ્રવેશ




જંતુનાશક (ઈન્ડિયા) લિમિટેડે ક્રાન્તિકારી જૈવિક પ્રોડક્ટ કાયાકલ્પનો પ્રારંભ કર્યો છે, જે છોડના આરોગ્ય અને ઉપજને સુધારવા માટે જમીનની આરોગ્યને પરિવર્તન અને વ્યવસ્થિત રીતે કાયાકલ્પ કરશે. કાયાકલ્પની શરૂઆત માટે જૈવિક ઉત્પાદનો મુખ્ય છે. કાયાકલ્પ, હિન્દી શબ્દ જેનો અર્થ થાય છે. 'ભૌતિક અસ્તિત્વનું પરિવર્તન' જમીનની જૈવિક ક્ષમતામાં સુધારો કરવા માટે તે કુદરતી ઉદ્દીપક તરીકે કામ કરે છે, તેના પોષક તત્વોને મજબૂત બનાવે છે અને જમીન આરોગ્ય માટે દવા તરીકે કાર્ય કરે છે જે ભારતીય ખેડૂતોને ઉત્પાદન વધારવામાં મદદ કરશે. રાષ્ટ્રીય જૈવિક ખેતી કેન્દ્ર, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકારે આ ઉત્પાદનને આપેલ માન્ય છે. IIL ખાતે, અમારા પ્રયત્નો હંમેશા સંશોધન અને નવીન ઉકેલો મેળવવાના છે જે ખેડૂતોના ખેત ઉત્પાદકતા વધારવા માટેના સૌથી વધુ પડતા પડકારોને હલ કરવામાં મદદ કરશે. ખેડૂતો માટે જમીન આરોગ્યની કથળતી જતી સ્થિતિ અને ક્રમશઃ જમીનની ઘટતી ફળદ્રુપતા સૌથી ગંભીર પડકાર છે. કાયાકલ્પ એ સૌથી વધુ અદ્યતન નવીનતા સાથે ખેડૂતોને એક સાધનથી સજ્જ કરી શકશે જે તેમની જમીનના આરોગ્યને પરિવર્તન કરશે, જે તેમને વધુ સારી રીતે વિકસાવશે અને વધુ ઉત્પાદન આપશે. જંતુનાશક (ઈન્ડિયા) લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, અમારે ખેડૂતોની આવકને છ વર્ષમાં બમણી કરીને વડા પ્રધાનના આ લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં આ એક મહત્વનું પગલું સાબિત થશે. ખેડૂતોની જમીનના આરોગ્યનું રક્ષણ અને પુનરૂત્થાન કરવા માટે ખેડૂતોને શિક્ષણ આપવાની જરૂરિયાત પર પ્રકાશ પાડતા, શ્રી અગ્રવાલે ભૂમી કાયાકલ્પ અભિયાનના નામ હેઠળ ખેડૂતો માટે એક દેશ વ્યાપી જાગરૂકતા અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે અંતર્ગત કંપનીનો હેતુ આગામી બે વર્ષમાં ૧૦ લાખથી વધુ ખેડૂતો સુધી આ માહિતી પહોંચાડવાનો છે.

## ૧૩ રાજ્યોમાંથી ૪૫૫ બજારો ઈ-નામ માટે સંકલિત થયા છે

સમગ્ર દેશમાં ૫૮૫ બજારોને માર્ચ-૨૦૧૮ સુધીમાં ઈ-નામ એકીકરણ માટે લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા છે, જેમાંથી ૧૩ રાજ્યોના ૪૫૫ બજારોને એકીકૃત કરવામાં આવ્યા છે. તેની વિગતો નીચે આપેલ છે. આ હેતુ માટે રૂ.૩૦ લાખ પ્રતિ બજાર આપવામાં આવે છે. જે ૨૦૧૭-૧૮ માટે કેન્દ્રીય બજેટમાં બજાર દીઠ રૂ.૭૫ લાખ સુધી વધારી દેવામાં આવી છે. વધુમાં, દરેક બજારને સોફ્ટવેર અને એક વર્ષ માટે બજાર વિશ્લેષક પણ આપવામાં આવશે.



## ઇ– નામ સાથે સંકલિત બજારોની સૂચિઃ

| નંબર | રાજ્ય | સંકલિત બજારોની કુલ સંખ્યા |
|---|---|---|
| ૧. | આંધ્ર પ્રદેશ | ૨૨ |
| ૨. | છત્તીસગઢ | ૧૪ |
| ૩ | ગુજરાત | ૪૦ |
| ૪. | હરિયાણા | ૫૪ |
| ૫. | હિમાચલ પ્રદેશ | ૧૯ |
| ૬. | ઝારખંડ | ૧૯ |
| ૭. | મધ્યપ્રદેશ | ૫૮ |
| ૮. | મહારાષ્ટ્ર | ૪૫ |
| ૯. | ઓરિસ્સા | ૧૦ |
| ૧૦. | રાજસ્થાન | ૨૫ |
| ૧૧. | તેલંગાના | ૪૪ |
| ૧૨. | ઉત્તર પ્રદેશ | ૧૦૦ |
| ૧૩. | ઉત્તરાખંડ | ૦૫ |
| | કુલ | ૪૫૫ |

ઉપરોક્ત સૂચિ દર્શાવે છે કે કુલ ૧૩ રાજ્યોમાંથી ઉત્તર પ્રદેશના ૧૦૦ બજારો સંકલિત થયા છે જે સૌથી વધુ છે પણ ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ તે ઓછો છે. વિસ્તારની દ્રષ્ટિએ જોઇએ તો હરિયાણામાં તે સૌથી વધુ સંકલિત થયા છે.

Book Post

To,

DOI : August 22, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864